RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 262, Dt.23-1-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કેન્દ્રીય બજેટમાં કૃષિ ક્ષેત્રે મોટો લાભ અપાશે

## પાક વિમા યોજનાનો વ્યાપ પણ વધારાશે : કૃષિમાં ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ પર જોર આપવાનો નિર્દેશ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશના સામાન્ય બજેટને આડે માંડ એકાદ સપ્તાહ જેવો સમય બાકી રહ્યો છે અને અંદાજપત્ર વિશે અનેકવિધ અટકળો આશાવાદ પ્રવર્તી રહ્યા છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામન આવકવેરામાં મોટી રાહત આપે તેવી અપેક્ષાની સાથોસાથ ખેડૂતોને પણ મોટો લાભ કરાવવામાં આવે તેવા નિર્દેશ સાંપડયા છે. પીએમ કિસાન સહાય હેઠળ આપવામાં આવતી રકમમાં વધારો કરી દેવામાં આવે તેવી શકયત છે.

કેન્દ્ર સરકારના ગત બજેટમાં કુલ ૯ ક્ષેત્રોને પ્રાથમિકતા આપવામાં આવી હતી. તેમાં કૃષિ ક્ષેત્રને સૌથી વધુ પ્રાધાન્ય અપાયું હતું. આ વખતે પણ ખેડૂત તથા કૃષિને મહત્વ આપવામાં આવી શકે છે. આગામી બજેટમાં કૃષિ પાક યોજનાનો લાભ વધારાની સાથોસાથ પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિની રકમમાં પણ પણ વધારો કરવામાં આવે તેવી શકયતા છે.

આ સિવાય કૃષિમાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવામાં માટે મહત્વના કદમ ઉઠાવવામાં આવશે. સાથોસાથ કિસાન ક્રેડીટ કાર્ડમાં ધિરાણની રકમ વધારીને ૩ લાખ રૂપિયા સુધી થઈ શકે છે. માહિતગાર સુત્રોના કહેવા પ્રમાણે કેન્દ્ર સરકાર કૃષિ વેલ્યુ ચેઈનને મજબુત કરવા માટે લાંબા ગાળાના કદમ ઉઠાવી શકે છે.

ટુંકાગાળા માટે સરકાર ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર તથા ફૂડ કુપનનો ઉપયોગ કરી શકે છે. જેનાથી ગ્રામ્ય માંગમાં વધારો થઈ શકે અને સમગ્ર અર્થતંત્રને ફાયદો થઈ શકે. ગ્રામીણ ક્ષેત્રમાં મોંઘવારી વધુ હોવાના કારણે ગ્રામ્ય ડિમાન્ડ પ્રભાવિત થઈ રહી છે તેનો ઉકેલ લાવવા માટે સરકાર મહત્વનો કદમ ઉઠાવી શકે છે.

ખેડૂતોની આવક અને કૃષિ ઉત્પાદન વધારવા માટે લાંબા ગાળાના ધિરાણ સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે પણ દરખાસ્ત થવાની શકયતા છે. વેરહાઉસ તથા સ્ટોરેજ સુવિધા માટે નવા કદમ આવી શકે છે.

સુત્રોના કહેવા પ્રમાણે પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ હેઠળ હાલ વાર્ષિક ૬૦૦૦ રૂપિયા ખેડૂતોને આપવામાં આવે છે તે રકમ વધારીને રૂા. ૮૦૦૦ થઈ શકે છે. કૃષિ પશુપાલન વિભાગની સ્થાયી સમિતિ દ્વારા સરકારને સોંપવામાં આવેલા રીપોર્ટમાં આ રકમ વધારીને રૂા. ૧૨૦૦૦ કરવા ભલામણ કરવામાં આવી હતી.

આ સિવાય પાકવિમા યોજનામાં પણ મહત્વપૂર્ણ ફેરફારની શકયતા છે. ૨ હેકટર સુધીની જમીન ધરાવતા ખેડૂતોને પણ યુનિવર્સલ પાકવિમા યોજનાનો લાભ આપવા પૂર્વ મંત્રી શિવરાજ ચૌહાણ ભલામણ કરી હોવાનું ઉલ્લેખનીય છે.

સુત્રોએ જણાવ્યું છે કે, પસંદગીના ક્રોપ કલ્ટર માટે કૃષિ પેદાશ આધારીત ચોકકસ કાર્યક્રમ શરૂ કરવામાં આવે તેવી શકયતા છે. રિચર્સ સંસ્થાઓ નવા બિયારણની શોધ કરે અને તેનો વ્યાપ વધારવામાં આવે તેવો પણ ઉદ્દેશ રાખવામાં આવશે. ડિજીટલ એગ્રીકલ્ચર તથા ટેકનોલોજી સોલ્યુશનને કૃષિ ક્ષેત્રનો ભાગ બનાવવા માટે પણ સરકારને ભલામણ કરવામાં આવી છે.

જાણકારોના કહેવા પ્રમાણે કૃષિ અનુસંધાન અને વિકાસને કૃષિ જીડીપીના ઓછામાં ઓછા ૧ ટકાની ફાળવણી કરવાની જરૂર છે. હાલ માત્ર ૦.૫ ટકા જ ફાળવણી થાય છે. વિકાસને લક્ષમાં રાખીને અસામાન્ય હવામાનમાં પણ કૃષિ ક્ષેત્રને કોઈ





વિપરીત અસર ન થાય તે માટેના કદમ ઉઠાવવા પડશે.

ઉપરાંત કૃષિ ઉત્પાદનની રીટેલ કિંમતની સરખામણીએ ખેડુતોને માત્ર ત્રીજો ભાગ જ મળતો હોય છે. તે દિશામાં સરકારે નવા કદમ ઉઠાવવા જોઈએ. ન્યુનતમ સમર્થન મૂલ્ય વિશે કાનુની ગેરેંટીની માંગ સાથે ખેડુતો આંદોલન ચલાવી રહ્યા છે તે સમયે બજેટમાં ખેડુત અને કૃષિ ક્ષેત્રને લગતી મહત્વની જોગવાઈઓ કરવામાં આવે તેવી સંભાવના છે.

# કોમેડી સ્ટાર કપીલ શર્મા, રાજપાલ યાદવ, સુગંધા મિશ્રા તથા રેમો ડિસોઝાને જાનથી મારી નાખવાની ધમકી

**મુખ્ય સમાચાર,મુંબઈ**

જાણીતા કોમેડી સ્ટાર કપીલ શર્મા ઉપરાંત રાજપાલ યાદવ, સુગંધા મિશ્રા તથા રેમો ડિસોઝાને જાનથી મારી નાખવાની ધમકી મળતા બોલીવુડમાં ખળભળાટ સર્જાયો છે. પાકિસ્તાનથી આ ધમકીભર્યા ઈ-મેઈલ કરવામાં આવ્યા હતા અને આ ધમકીને હળવાશથી નહીં લેવાની ચેતવણી આપવામાં આવી છે. આ સમગ્ર મામલે પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને તપાસનો દૌર શરૂ કરવામાં આવ્યો છે.

ધમકીભર્યા ઈ-મેઈલમાં એવી ચેતવણી આપવામાં આવી છે કે, ૮ કલાકમાં જવાબ આપવામાં નહીં તો ગંભીર પરિણામ ભોગવવા તૈયાર રહેજો. પ્રાથમિક તપાસમાં એવું ખુલ્યુ છે કે, વિષ્ણુ નામના શખ્સે આ ધમકીભર્યા ઈ-મેઈલ પાઠવ્યા છે અને તેમાં એવી ચેતવણી આપી છે કે માત્ર પબ્લીસીટી સ્ટંટ માટે આ ધમકી આપવામાં આવી નથી.

તમારી તમામ ગતિવિધિઓની અમારી પાસે માહિતી છે. ૮ કલાકમાં જવાબ આપવામાં નહીં આવે તો ધમકીને ગંભીરતાથી નહીં લીધાનું માની લેશુ અને તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે. ધમકી આપનાર શખ્સે કપીલ શર્મા ઉપરાંત તેના પરિવાર, સંબંધીઓ અને પાડોશીઓને પણ મારી નાખવાની ધમકી આપી છે.

અંબોલી પોલીસ દ્વારા ભારતીય ન્યાયસંહિતાની કલમ ૩૫૧ (૩) હેઠળ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. સૌપ્રથમ રાજપાલ યાદવ, રેમો ડિસોઝા અને સુગંધા મિશ્રાને ધમકીભર્યા ઈ-મેઈલ મોકલવામાં આવ્યા હતા.

જેમાં પણ એમ કહેવાયું હતું કે, તમારી તમામ ગતિવિધી પર અમારી નજર છે. આ કોઈ પબ્લીસીટી સ્ટંટ નથી કે તમને હેરાન કરવાનો પ્રયાસ નથી. ધમકીને ગંભીરતાથી લઈને ખાનગી રાખવા પણ કહેવાયું હતું અન્યથા ગંભીર પરિણામો



આવવાની અને વ્યવસાયિક તથા વ્યકિતગત જીવનને અસર કરી શકે તેવી ચેતવણી આપવામાં આવી હતી.

# ૧૬મી ફેબ્રુઆરીએ પંચાયતની ચૂંટણીનું મતદાન હોવાથી નહીં યોજાય જીપીએસસીની પરીક્ષા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જીપીએસસીની પરીક્ષા માટે તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે મોટા સમાચાર આવ્યા છે. ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી)ના ચેરમેન હસમુખ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પડથ પર માહિતી આપતાં જણાવ્યું હતું કે ૧૬મી ફેબ્રુઆરીએ પંચાયતની ચુંટણીનું મતદાન હોવાથી જીપીએસસીની પરીક્ષા યોજાશે નહીં. તે દિવસની પરીક્ષા માટે નવી તારીખ ટૂંક સમય જાહેર કરવામાં આવશે. બે દિવસ પહેલાં ૨૧ જાન્યુઆરીએ હસમુખ પટેલે પરીક્ષકના મહેનતાણા વિશે




માહિતી આપતાં લખ્યું કે, પનિબંધલક્ષી પરીક્ષામાં સારા પરીક્ષક મળે તે માટે પ્રશ્નપત્ર તપાસવાનું મહેનતાણું આયોગ દ્વારા બમણું કરવામાં આવ્યું છે. આ કામ કરવાની ઈચ્છા ધરાવનાર પરીક્ષકો આયોગનો સંપર્ક કરી શકે છે. ઈન્ટરવ્યૂ આપવા આવનાર ઉમેદવારો માટે પણ ૠછજઈ દ્વારા ખાસ સુવિધા કરવામાં આવી છે. જે વિશે માહિતી આપતાં હસમુખ પટેલે પોતાના સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે, પઆયોગમાં ઈન્ટરવ્યૂ આપવા આવનારા ઉમેદવારોને સવારે નાસ્તામાં ફળ તેમજ બપોરનું જમવાનું આપવામાં આવશે.

# લોસ એન્જલસમાં ફરી આગ ભભૂકી ૫૦,૦૦૦ લોકોનું સ્થળાંતર કરાયું

## ૮૦૦૦ એકરમાં આગ પ્રસરી : ૧૧૦૦ ફાયર ફાયટર તૈનાત કરાયા

**મુખ્ય સમાચાર,લોસ એન્જલસ**

અમેરિકાના લોસ એન્જલસમાં ફરી એકવાર આગ ભડકી છે. જેના કારણે હજારો લોકોએ ઘર છોડી સુરક્ષિત સ્થાનોએ સ્થળાંતર કરવાની ફરજ પડી છે. અમેરિકા માટે આ મોટી ચિંતાનો વિષય છે કેમ કે તાજેતરમાં જ લોસ એન્જલસમાં જ બે વખત ભીષણ આગ લાગવાની ઘટનાઓ બની હતી જે સમગ્ર વિશ્વમાં ચર્ચામાં રહી હતી.

તાજેતરની આગ લોસ એન્જલસમાં કાસ્ટેઈક સરોવરની નજીક આવેલા જંગલોમાં લાગી છે. આ ક્ષેત્ર ઉત્તર પશ્ચિમ લોસ એન્જેલસમાં આવેલ છે. આગની લપેટમાં અત્યાર સુધી ૮૦૦૦ એકર વિસ્તાર આવી ગયો છે. સરોવરની નજીક રહેતા લોકોને પણ સુરક્ષિત સ્થાને ખસી જવા એલર્ટ કરી દેવાયા છે. અત્યાર સુધી ૩૧૦૦૦થી વધુ લોકોને રેસ્કયૂ કરી સુરક્ષિત સ્થળોએ ખસેડાયા છે.

હાલમાં લોસ એન્જલસમાં ઝડપી અને શુષ્ક પવનો ચિંતા વધારી રહ્યા છે. આગ પણ આ કારણે જ ભડકી રહી છે. તેના લીકે ધૂમાડાના ગોટેગોટા આકાશમાં ઉડતા દેખાઈ રહ્યા છે. એવી પણ આશંકા છે કે આગ વધુ ભડકી શકે છે અને મોટા વિસ્તારને લપેટમાં લઈ શકે છે.

આગ લાગ્યા પછી પોતાનો સામાન પેક કરી રહેલા એક વ્યક્તિએ અમેરિકન



મીડિયાને કહ્યું કે, પહું ફક્ત પ્રાર્થના કરી રહ્યો છું કે અમારું ઘર બળી ન જાય.થ લોસ એન્જલસ કાઉન્ટી શેરિફ રોબર્ટ જેન્સને બધાને તાત્કાલિક વિસ્તાર ખાલી કરવા વિનંતી કરી છે. આ પહેલા પણ લોસ એન્જલસમાં લાગેલી ભીષણ આગને કારણે હજારો ઘરો નાશ પામ્યા હતા. એટલું જ નહીં, ૨ લાખ લોકોને ઘર છોડવાની ફરજ પડી હતી જ્યારે ૨૭ થી વધુ લોકોના મોત થયા હતા.

# ગ્લોબલ વોર્મિંગનાં કારણે રેકોર્ડબ્રેક ગરમીથી દુનિયાનાં અનેક મોટા શહેરોમાં ખતરો વધ્યો

## ભારતમાં મુંબઈ, દિલ્હી, કોલકાતામાં પડકારો વધ્યા : રહેણીકરણીથી પણ પ્રકૃતિનું સંતુલન બગડયુ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જલવાયુ પરિવર્તન (ગ્લોબલ વોર્મીંગ)ને લઈને ભારત સહીત દક્ષિણ એશીયાનાં શહેરો ગંભીર ખતરાનો સામનો કરી રહ્યા છે. તેનું કારણ શહેરોની મોટી વસ્તીનું ઘનત્વ (ગીચતા) અતિ કાર્બન ઉત્સર્જન અને પર્યાવરણ સબંધી પડકારો છે.

જલવાયું પરિવર્તન પર અંતર સરકારી પેનલ (આઈપીસીસી)ના વિશેષ રિપોર્ટનાં મુખ્ય લેખક અંજલ પ્રકાશે કહ્યું છે કે, ભારત ઉપરાંત નેપાળ, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીનનાં મોટા શહેરોમાં જલવાયું સંકટ ઘેરાતું જઈ રહ્યું છે.

આ કારણે ભારતમાં મુંબઈ, દિલ્હી, કોલકતા અને ચેન્નાઈ જેવા શહેરો જલવાયુ પરિવર્તનના ગંભીર ખતરાનો સામનો કરી રહ્યા છે. આ શહેરોમાં રેકોર્ડબ્રેક ગરમી, ઉષ્ણકરીબંધય તોફાન અને તટીય ક્ષેત્રોમાં જલસ્તર વધી રહ્યું છે.

જેને લઈને સ્વાસ્થ્ય સમસ્યાઓ પેદા થઈ રહી છે. સાથે સાથે આજીવિકામાં પણ અછત અને સામાજીક-આર્થિક અસમાનતાઓ વધી રહી છે. જેની શહેરોની માળખા અને તેના વિકાસ પર અસર પડી છે.



નેપાળની રાજધાની કઠમંડુ અનિયમીત હવામાન અને વધતા તાપમાનનો સામનો કરી રહ્યું છે. હિમાલય ક્ષેત્રોમાં ગ્લેશીયરોનાં પીગળવાથી જલ પુરવઠામાં ફેરફાર અને પુરની ઘટનાઓ હિમાલયી શહેરોમાં ચિંતાનો વિષય બન્યા છે.

આ પરિવર્તન માત્ર જલ સંસાધનોને નહીં બલ્કે કૃષિ અને આજીવિકા પર પણ અસર કરી રહ્યા છે. આ ઉપરાંત રહેણી-કરણીનાં કારણે પણ પ્રકૃતિનું સંતુલન બગડયુ છે.

# ઈરાકમાં છોકરીઓના લગ્નની ઉંમર ૯ વર્ષ સંસદમાં વિવાદાસ્પદ કાયદો પસાર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઈરાકની સંસદે મંગળવારે ઈસ્લામિક દેશમાં બાળ લગ્નને કાયદેસર બનાવતા વિવાદાસ્પદ સુધારેલા બિલને મંજૂરી આપી હતી. દાયકાઓના જૂના કાયદામાં સુધારો કર્યા બાદ હવે ૯ વર્ષથી નાની વયની છોકરીઓના લગ્ન થઈ શકશે.

ઈરાકી સંસદની વેબસાઈટ જણાવે છે કે તેણે નવ્યકિતગત સ્થિતિ કાયદામાં સુધારો કરવાની દરખાસ્તથ તેમજ પએમ્નેસ્ટી કાયદામાં બીજો સુધારોથ સ્વીકાર્યો છે. મહિલા અધિકાર જૂથોએ આ કાયદાઓ પસાર થવાને ભયાનક ગણાવ્યા છે. તેઓ કહે છે કે તે બાળ બળાત્કારને કાયદેસર બનાવશે. ઈરાકમાં મહિલાઓ માટે લગ્ન માટેની લઘુત્તમ વય અગાઉ ૧૮ વર્ષ હતી, પરંતુ નવો સુધારા પછી મૌલવીઓને લગ્ન, છૂટાછેડા અને બાળ સંભાળ સહિતની પારિવારિક બાબતો અંગે નિર્ણય લેવાનો અધિકાર આપાયો છે.

કાયદાના સૌથી અગ્રણી વિરોધીઓમાંના એક વકીલ મોહમ્મદ જુમાએ કહ્યું, નસ્રઅમે ઈરાકમાં મહિલાઓ અને બાળકોના અધિકારોના અંત સુધી પહોંચી ગયા છીએ.સ્રસ્ર ઈરાકી પત્રકાર સાજા હાશિમે કહ્યું કે, મૌલવીઓ મહિલાઓનું ભાવિ નક્કી કરે તે હકીકત ભયાનક છે. હું એક સ્ત્રી તરીકે મારા જીવનમાં આવતી દરેક વસ્તુથી ડરું છું.ગાર્જિયનના અહેવાલ મુજબ, ઈરાકમાં બહુમતી શિયા મુસ્લિમોમાં છોકરીઓ માટે લગ્નની લઘુત્તમ વય ૧૫ વર્ષ હશે, જ્યારે સુન્ની મુસ્લિમો માટે તે ૧૫ વર્ષ હશે. રિપોર્ટમાં સાંસદ



સજ્જાદ સલીમને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, રાજ્યએ ક્યારેય આટલી અધોગતિ અને અપવિત્રતા જોઈ નથી જેણે તેની સંપત્તિ અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું છે જે આપણે આજે જોઈ રહ્યા છીએ. ઈરાકમાં બાળ લગ્ન લાંબા સમયથી ચાલી આવતી સમસ્યા છે. વર્ષ ૨૦૨૩માં સંયુક્ત રાષ્ટ્રના સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, દેશમાં ૨૮ ટકા છોકરીઓના લગ્ન ૧૮ વર્ષની ઉંમર પહેલા થઈ જાય છે.

# જલગાંવ રેલ દુર્ઘટનામાં મૃત્યુ આંક ૧૩ને આંબ્યો : તપાસના આદેશ

## આગની અફવાથી ગભરાયેલા પેસેન્જરો નીચે કૂદયા તો અન્ય પાટા પર આવતી ટ્રેનની હડફેટે આવી ગયા : અનેક યાત્રીઓ ઘાયલ : રેલવેટ્રેક પર મોતના ખોફનાક દ્રશ્યો સર્જાયા

**મુખ્ય સમાચાર,જલગાંવ**

આગ લાગ્યાની અફવાથી ગભરાટમાં યાત્રીઓ ટ્રેનમાંથી નીચે કુદી પડતા દરમિયાન અન્ય પાટા પર પુરઝડપે આવેલી ટ્રેનની હડફેટે આવી જતા અનેક યાત્રીઓના મોત થવાની ઘટનાથી દેશ હચમચી ગયો છે. આ દુર્ઘટનામાં ૧૩ લોકો માર્યા ગયા છે.

અનેક લોકો ઘાયલ થયા છે. આ ટ્રેન દુર્ઘટનાથી ઘટના સ્થળે દર્દનાક દ્રશ્યો ખડા થયા હતા. અન્ય ટ્રેનની હડફેટે આવેલા લોકોએ દમ તોડી દેતા ઘટનાસ્થળે દર્દનાક દશ્યો મન વિચલીત કરી નાખે તેવા હતા. આ રેલ કરુણાંતિકા મામલે તપાસના આદેશ અપાયા છે.

આ ટ્રેન અકસ્માત માટે લોકોમાં ટ્રેનમાં આગામી અફવાથી કૂદી જતા અને સામે પૂરઝડપે આવતી ટ્રેનની ઠોકરે આવી જવા ઉપરાંત ગોળાઈ વાળા પાટા હોવાથી ટ્રેનના પાયલોટને દૂરથી પાટા પર લોકો ન દેખાયાની શંકા વ્યક્ત કરાઈ છે.

નજરે જોનાર એક વ્યક્તિએ જણાવ્યું હતું કે દુર્ઘટનાનો ભોગ બનેલ એક વ્યક્તિનું માથું કપાઈ ગયું હતું. એક મહિલાને ખબર પડી કે તેનો પતિ આ દુર્ઘટનામાં માર્યો ગયો છે તો તે આ સાંભળીને બેશુદ્ધ થઈ ગઈ હતી. વિખેરાયેલી લાશો વચ્ચે લોકો પોતાના સ્વજનને શોધી રહ્યા હતા. હાલત એટલી હદે ખરાબ હતી કે મૃતકોને ઓળખવા મુશ્કેલ હતા.

વિડીયો સોશ્યલ મીડીયા પર વાયરલ: રેલવે ટ્રેક પર અનેક યાત્રીઓના ક્ષત-વિક્ષત મૃતદેહોનો વિડીયો વાયરલ થયો હતો. આવા ભયાનક દશ્ય જોવાથી બચવા કેટલાક તો કોચની બારી પણ બંધ કરી દીધી હતી.દુર્ઘટના બાદ રાહત બચાવ ટ્રેન ઘટનાસ્થળે દોડી ગઈ હતી. મહારાષ્ટ્રના જલગાંવથી મંત્રી ગુલાબરાવ પાટીલે જણાવ્યું હતું કે અકસ્માત બાદ રાહત બચાવ ટ્રેન ઘટનાસ્થળે મોકલાઈ હતી. ઘાયલોની સારવાર માટે ડોકટરોની ટીમ



મોકલાઈ હતી. ફાયર એલાર્મ વાગવા પર સંશય: જલગાંવ રેલ કરુણાંતિકા માટે આગની અફવાના મામલામાં ભૂલથી ફાયર એલાર્મ વાગવા અને બચવા માટે યાત્રીઓમાં અફડાતફડી મચી હોવાની શંકા સેવાઈ રહી છે. જો કે રેલવેએ હજુ આ બારામાં કંઈ સ્પષ્ટ નથી કહ્યું, હાલ તો મામલાની તપાસ ચાલી રહી છે.

રેલવેએ જલગાંવ રેલ દુર્ઘટનાની તપાસના આદેશ અપાયા છે. તપાસ ટીમ નજરે જોનારાઓની સાથે રેલ યાત્રીઓના નિવેદન નોંધશે. રેલ યાત્રીઓને બોલાવવામાં આવશે. સીઆરએસની ટીમ બન્ને ટ્રેનના લોકો પાયલોટ અને ગાર્ડ સહિત અન્ય સ્ટાફની પણ પુછપરછ કરશે.

# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની ૧૭૫મી બોર્ડ બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તા.૨૨-૦૧-૨૦૨૫ના રોજ ૧૭૫મી બોર્ડ બેઠક ચેરમેન તુષાર સુમેરાની અધ્યક્ષતામાં યોજાયેલ. બોર્ડ બેઠકમાં નીચેના મુદાઓને બહાલી આપવા બાબત.

સત્તામંડળના વિસ્તારમાં સૂચિત કરાયેલ નગર યોજના નં.૭૬ની નક્કી થયેલ હદમાં સુધારો કરી નવી કૂલ ૨ સૂચિત નગર રચના યોજના નં.૭૬/૧ (પરાપીપળીયા) જેનું ક્ષેત્રફળ ૯૧.૫૦ હેકટર અને ૭૬/૨ (પરાપીપળીયા)જેનું ક્ષેત્રફળ ૧૦૦.૬૭ હેકટરની હદ નક્કી કરવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી.



સત્તામંડળના વિસ્તારમાં ભવિષ્યની સૂચિત નગર રચના યોજના બનાવવા અને દ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજના બનાવવા માટે ટી.પી./ડી.પી. સેલ/સર્વે યુનિટમાં તદ્દન હંગામી ધોરણે આઉટસોર્સસ્ટાફનીનિમણૂંક કરવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી.

રૂડાહસ્તકનાકુવાડવાગામે (અમદાવાદ નેશનલ હાઈવે) થી કુવાડવા-સરધારસ્ટેટહાઈવે (ભાવનગર સ્ટેટહાઈવે)ને જોડતા ૩૦.૦મી. ડી.પી. રસ્તાનાબાંધકામનેમંજૂરી આપી.

સત્તામંડળવિસ્તારમાં હોર્ડીંગ્સ બોર્ડ અને કોમ્યુનિકેશન ટાવર લગાવવાનીતિ અમલમાં આવેલ હતી જેના નવા ભાવો બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવ્યા.

ચેરમેનશ્રી તથા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તુષાર સુમેરા, રિઝીયોનલ કમિશ્નર ઓફ મ્યુનિસિપાલીટીશ્રી મહેશ જાની, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી જયમીન ઠાકર, રૂડાના સી.ઈ.એ.શ્રી જી.વી.મીયાણી, મુખ્ય નગર નિયોજકશ્રીના પ્રતિનિધિ તરીકે શ્રી કે.આર.સુમરા તથા છખઈના સીટી એન્જી.શ્રી કે.કે.મહેતા હાજર રહેલ હતા.

# વિવિધ રાજ્યો દ્વારા ટેબ્લોના કલાકારો દ્વારા યોજાયેલા સાંસ્કૃતિક નૃત્ય કાર્યક્રમમાં ગુજરાતનું પ્રચલિત મણિયારા રાસ નૃત્ય ત્રીજા ક્રમે વિજેતા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

૭૬ મા ગણતંત્ર દિનની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી નવી દિલ્હી ખાતે થનાર છે. જેમાં વિવિધ રાજ્યો દ્વારા અલગ અલગ થીમ આધારિત ટેબ્લો રજૂ થશે. આ ટેબ્લોમાં રજૂ થનાર સાંસ્કૃતિક કાર્યક્રમોની સ્પર્ધા ૨૧મી જાન્યુઆરીએ દિલ્હી ખાતે યોજાઈ હતી જેમાં ગુજરાત ટેબ્લો સાથે આવેલા કલાકારો દ્વારા રજૂ કરવામાં આવેલા સાંસ્કૃતિક પરફોર્મન્સ ત્રીજા ક્રમે વિજેતા બન્યું છે જે સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે.



ભારત સરકાર દ્વારા યોજાનાર ગણતંત્ર દિનની ઉજવણીમાં વિવિધ રાજ્યો દ્વારા પ્રતિવર્ષ ટેબ્લો રજૂ કરવામાં આવે છે. આ રાજ્યોના માધ્યમથી સાંસ્કૃતિક દ્રષ્ટિએ પ્રતિનિધિત્વ કરતા કલાકારો દ્વારા રાષ્ટ્રીય રંગશાળા શિબિર દિલ્હી કેન્ટોન્મેન્ટ ખાતેના ઝંકાર હોલખાતે સાંસ્કૃતિક સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગુજરાત ત્રીજા ક્રમે, ગોવા પ્રથમ ક્રમે અને ઉતરાખંડ બીજા ક્રમે વિજેતા બન્યું હતું. જ્યારે પ્રોત્સાહક ઈનામ પશ્ચિમ બંગાળને મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે, ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા યોજાયેલ આ સ્પર્ધામાં દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્ર સરકારના વિભાગો દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો અને પારંપારિક નૃત્યો યોજાયા હતા. જેમાં ચાર ઈનામોની જાહેરાત કરાઈ હતી. જેમાં ગુજરાતના પ્રચલિત નમણિયારા રાસ નૃત્યથને ત્રીજો ક્રમ મળ્યો હતો. આ કાર્યક્રમના અંતે રાજ્ય સરકાર વતી સાંસ્કૃતિક ગ્રુપના કલાકારોએ ટ્રોફી સ્વીકારી હતી.

# અમદાવાદમાં શનિ - રવિ કોલ્ડપ્લે ફીવર : મોદી સ્ટેડિયમમાં NSGનું સુરક્ષાકવચ : ૩૮૨૫ પોલીસકર્મી ખડેપગે

## ૧૪ ડીસીપી, ૨૫ એસીપી, ૬૩ પીઆઇ, ૧૪૨ પીએસઆઈ, ૩૫૮૧ પોલીસકર્મીને સુરક્ષાની જવાબદારી

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

અમદાવાદમાં આગામી ૨૫ અને ૨૬ જાન્યુઆરીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કોલ્ડપ્લે કોન્સર્ટ યોજાવાની છે. બે દિવસ દરમિયાન યોજાનારી આ કોન્સર્ટમાં બે લાખ કરતાં વધુ લોકો સામેલ થવાના છે. તેમની સુરક્ષા માટે અમદાવાદ પોલીસે એક્શન પ્લાન તૈયાર કરી દીધો છે.

અમદાવાદમાં પ્રથમવાર પ્રાઈવેટ કોન્સર્ટમાં સ્થાનિક પોલીસની સાથે ગજ્રક્ષ કમાન્ડો પણ જોડાશે. કુલ ૩૮૨૫ પોલીસ અધિકારી અને કર્મચારીઓ બંદોબસ્તમાં જોડાશે. સુરક્ષા વ્યવસ્થાની સાથે સાથે લોકોનાં આરોગ્યની પણ કાળજી લેવાશે. સ્ટેડિયમ પર જ કામચલાઉ હોસ્પિટલ તૈયાર કરાશે અને એમ્બ્યુલન્સ પણ તહેનાત કરાશે.

બે દિવસ દરમિયાન યોજાનારી આ કોન્સર્ટમાં મોટી સંખ્યામાં લોકો સામેલ થવાના છે. ત્યારે તેઓની સુરક્ષા માટે અમદાવાદ પોલીસે એક્શન પ્લાન તૈયાર કરી દીધો છે. કોન્સર્ટમાં સ્થાનિક પોલીસની સાથે ગજ્રક્ષ કમાન્ડોની એક ટીમ પણ જોડાશે.

આ કાર્યક્રમ માટે કુલ ૩૮૨૫ પોલીસ અધિકારી અને કર્મચારીઓ બંદોબસ્તમાં જોડાશે. સાથે જ સ્ટેડિયમમાં ૨૭૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. તે સિવાય સાત કાર્ડિયાક સપોર્ટ સાથે એમ્બ્યુલન્સ પણ તૈયાર રાખવામાં આવશે. તો દર્શકો મફત પાણીની વ્યવસ્થા કરાઈ છે. કાર્યક્રમને લઈ ટ્રાફિક વિભાગ વાહન વ્યવહાર પણ ડાયવર્ટ કરાયો છે.

જનપથ ચાર રસ્તાથી સ્ટેડિયમ જતો રસ્તો બંધ રહેશે. ૧૫ પાર્કિંગ પ્લોટની વ્યવસ્થા કરવામાં આવી છે અને ઇછજીળઉ અને મેટ્રો ટ્રેનની ફ્રિકવન્સી વધારવામાં આવશે. ટ્રાફિકની વ્યવસ્થા માટે ૧૧૦૦ ટ્રાફિક જવાન બંદોબસ્તમાં તૈનાત રહેશે. ૫ વર્ષથી નાના બાળકો પ્રોગ્રામમાં લઈને જઈ શકાશે નહીં.

મોટાભાગની હોટલોમાં એડવાંસ બુકિંગ થઈ ચુક્યું છે. હોટલોના ભાડા બેથી ૩ ગણા વધી ૫૦ હજાર સુધી પહોંચ્યા હતા. અમદાવાદમાં હોટલ ન મળતા કેટલાક લોકો નજીકના શહેરોમાં હોટલમાં બુકિંગ કરાવી રહ્યા છે.

આણંદ, નડિયાદ અને ખેડાની હોટલોમાં પણ બુકિંગ કરવામાં આવી રહ્યું છે. કોલ્ડપ્લેનો કોન્સર્ટ જોવા લોકો છાપરાવાળા ઘરમાં પણ રહેવા તૈયાર થયા હતા. આ સ્થિતિને કારણે સ્ટેડિયમ પાસે આવેલા છાપરાવાળા ઘરોમાં પણ કોલ્ડપ્લેના ચાહકોએ રૂમ બુક કરી રહ્યા છે. કેટલાક લોકો સ્ટેડિયમની સામેના વિસ્તારમાં આવેલા ઘરમાં નાઈટ સ્ટે માટે પૂછપરછ કરી રહ્યા છે. કેટલાક લોકોએ તો એડવાન્સ બુકિંગ કરીને ટોકન ફી પણ ચૂકવી દીધી છે. અમદાવાદની મોટા ભાગની હોટલો હાઉસફૂલ હોવાથી નજીકના શહેરોમાં આવેલી હોટલોમાં પણ લોકો રૂમ બુક કરાવી રહ્યા છે.





# ધોરાજીના છત્રાસા ગામ ખાતે રૂ.૩.૭૦ કરોડ રકમની ૧.૧૮ લાખ ચો.મી.જમીન પરથી દબાણ દૂર કરાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોષી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી એ.કે.વસ્તાણીના માર્ગદર્શનમા ધોરાજી તાલુકાના છત્રાસા ગામમા અંદાજે રૂ.૩.૭૦ કરોડ રકમની ૧.૧૮ લાખ ચો.મી. થી વધુ જમીન પરથી વહીવટી તંત્ર દ્વારા દબાણ દૂર કરાયું હતુ.



ગૌચર સર્વે નંબર ૫૦૩ પૈકી જમીનમાં ખેતીને લગતું દબાણ તથા પાકા મકાનના ફરતે કંપાઉન્ડ વોલ/ઓરડીઓ મળી અંદાજે કુલ ૧,૧૮,૪૦૦ ચો.મી. જમીનમાં વાવેતર અને બાંધકામ કરી દબાણ કરેલ હતું જે દબાણ આજે દૂર કરાયુ હતુ. આ દબાણની અંદાજિત બજાર કિંમત રૂપિયા ૩ કરોડ ૭૦ લાખ જેટલી થાય છે.

જે દબાણ પ્રાંત અધિકારીશ્રી ધોરાજી,તાલુકા વિકાસ અધિકારીશ્રી ધોરાજી,મામલતદારશ્રી ધોરાજીના પ્રતિનિધિ,તાલુકા પંચાયત ઓફિસ સ્ટાફ તથા પોલીસ સ્ટાફ સાથે ગ્રામ પંચાયત છત્રાસા દબાણ દૂર કરાયુ હતુ.

તેમજ બાકી રહેલ જમીન પર થયેલ દબાણ બાબતે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી દબાણ દૂર કરવાની કામગીરી આગામી સમયમાં દૂર કરવામાં આવશે તેમ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવાયું છે.

# વી.વી.પી. ઈજનેરી કોલેજ દ્વારા સ્પોન્સર્ડનેકસ્ટ જેન ઈન એઆઈ એમએલ અને આઈઓટી પર ઓનલાઈન અટલ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું સફળતાપૂર્વક આયોજન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઓલ ઈન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનીકલએજ્યુકેશન ના વિવિધ બ્રાંચના ટીચીંગ ફેકલ્ટીમાટે અટલ કાર્યક્રમ અંતર્ગત ફેકલ્ટી ડેવલપમેન્ટપ્રોગ્રામ-ઓનલાઈન અને ઓફલાઈન આયોજીત કરવા સિલેકટેડ ઈન્સ્ટીટયૂટ ને ગ્રાન્ટ(નાણાકીય સહાય) આપવામાં આવે છે.સમગ્ર ગુજરાતની ખ્યાતનામ વી.વી.પી. એન્જીનીયરીંગકોલેજના ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનિકેશન વિભાગને આ વર્ષે રૂા. ૧ લાખની આર્થિક સહાયઆ કાર્યક્રમ કરવા માટે મંજુર થયેલ છે. વી.વી.પી.ના ઈ.સી. વિભાગ દ્વારા નેકસ્ટ જનરેશન, ઈન અઈ (આર્ટીફિસીયલ ઈન્ટેલીજન્સ- અઈ) ખક (મશીન લર્નીંગ-ખક) અને વિષય ઉપર ઓનલાઈન (ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ)નુંઆયોજન સફળતા પૂર્વક કરવામાં આવેલ હતું. સમગ્ર દેશમાંથી કુલ ૨૪ રાજયો અને ૧૦૦ કરતાવધારે જિલ્લાઓમાંથી કુલ ૩૮૯ ફેકલ્ટી મેમ્બર્સએ આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ માંરજીસ્ટ્રેશન કરાવેલ હતું અને કુલ ૬-દિવસ આ સમગ્ર પ્રોગ્રામમાં ભાગ લીધેલ હતો. જેમાં ડીરેકટર પ્રિન્સીપાલ પ્રોફેસર એસોસિએટપ્રોફેસર આસીસ્ટન્ટપ્રોફેસર લેકચરર રિસર્ચસ્કોલર્સ લાઈબ્રેરીયન ઈન્ડસ્ટ્રીયલ બ્યુરોક્રેટ્સ વિગેરે ભાગલીધેલ હતો તેમજ વી.વી.પી.ના ટ્રસ્ટી ડો. નવિનભાઈ શેઠે પણ ઓનલાઈન હાજર રહી શુભેચ્છાઓ પાઠવીહતી.દેશના વિવિધ રાજ્યોમાં આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ આસામ બિહાર છતીસગઢ દિલ્હી ગુજરાત હરિયાણા હિમાચલ પ્રદેશ જમ્મુ અનેકાશ્મીર ઝારખંડ કર્ણાટક કેરાલા મધ્યપ્રદેશ મહારાષ્ટ્ર ઓરીસ્સા રાજસ્થાન સિક્કીમ પંજાબ તામીલનાડુ તેલંગાણા ઉત્તર પ્રદેશ ઉત્તરાખંડ અને પશ્ચિમબંગાળના વિવિધ ફેકલ્ટી મેમ્બર્સએ ભાગ લીધેલ હતો. આ સમગ્ર કાર્યક્રમમાં દેશ તથાવિદેશના એકસપર્ટસે પોતાનું જ્ઞાન પ્રદાન કરેલ હતું. ડો. કેતનભાઈ કોટેચા-ડીન ફેકલ્ટી ઓફ એન્જીનીયરીંગ, સીમ્બાયોસિસ પુણે, ડો. સી. એચ.વીઠલાણી-પ્રોફેસર-એલ. ડી. કોલેજ અમદાવાદ, ઈ-ઈન્ફોચીપ એનએરો કંપની-અમદાવાદમાંથી નિલેશ રાણપુરા-સિનીયર ડીરેકટર એન્જીનીયરીંગ-એસીક પ્રણવપુરોહીત એસોસીએટડીરેકટર શાલીનશાહ-મેનેજર-સોલ્યુશન આર્કીટેકટ અદીતીજોષી-ટેકનીકલ લીડ ડો. દિપેશ પંચાલ-એસીક એન્જીનીયર તેમજકુ. સેલેસ્ટી વાલંભીયા-ફર્મવેર ડેવલપમેન્ટ એન્જીનીયર-સોસ્ટીંગ ઓટોમોટીવ-જર્મની કલ્પેશ ગજેરા ડીરેકટર-આર્ટોનીકસઈનોવેશન ગુજરાત ડો. આશિષકોઠારી ડીરેકટર રીસર્ચએન્ડ ઈનોવેશન આત્મીય યુનીવર્સીટી-ગુજરાત દિવાન રાયમગીયા-હેડ સાયબર સીકયુરીટી-સીસો ઈન્ફોર્મેશનટેકનોલોજી અદાણી ગ્રીન એનર્જી ધ્રુમન ભાડેશીયા-સીટીઓ, કેવીટ ટેકનોલોજીસ ગુજરાત દ્વારાવિવિધ ટોપીકસ જેવા કે ઓવરવ્યુ ઓફ AI4 ML4 A આર્કીટેકચર એન્ડ કોમ્યુનીકેશનપ્રોટોકોલ્સ AI અને IoT ઈન ઈન્ડસ્ટ્રીઝ, AI ડ્રીવન IoT ઈન સ્માર્ટ સીટી, કલાઉડપ્લેટફોર્મ ફોર IoT IoT ડેટા એનાલિટિક્સ એન્ડ એજ કોમ્પ્યુટીંગ, લેટેસ્ટટ્રેન્ડ્સ ઈન મશીન લર્નીંગ ડીપ લર્નિંગ એન્ડ ન્યુરલ નેટવર્ક આર્કીટિકચર્સ જનરેટીવઅઈવીથ રાઈસ ઈન કકખ કવોન્ટમ અઈ, અઈ/ખક ઈન સેમીકંડકટર, IoT સીકયોરીટી અને પ્રાઈવસી પર પોતાનુંજ્ઞાન પ્રદાન કરેલ હતું.આ ટેકનીકલ ટ્રેનીંગ પ્રોગ્રામમાં ૬દિવસ સુધી ઓનલાઈન માધ્યમ પર દેશભરના ૩૫૦થી વધુ ફેકલ્ટી મેમ્બર્સએ ટ્રેનિંગ મેળવેલહતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવા અનેસફળ બનાવવા માટે વી.વી.પી.ના ટ્રસ્ટી ડો. નવિનભાઈ શેઠ અને સંસ્થાના પ્રિન્સીપાલશ્રીડો. પિયુષભાઈ વણઝારા અને ઈ. સી. વિભાગના વડા ડો. પરેશભાઈ ધોળકીયાના માર્ગદર્શનહેઠળ ઈ.સી. FDP કો-ઓડીનેટર્સ ડો. જીજ્ઞેશભાઈ જોષી અનેડો. દિપેશભાઈ કામદાર તથા ઈ.સી. વિભાગની ટેકનીકલ ટીમ ધીરેન્દ્રસિંહ જાદવ આશાબેનઉપાધ્યાય પરેશભાઈપટેલ ડો. સ્નેહાબેનપંડયા પ્રો. શેરોનક્રિસ્ટી એ ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાનાટ્રસ્ટી કૌશિકભાઈ શુકલ હર્ષલભાઈ મણીઆરડો. સંજીવભાઈ ઓઝા તથા ડો. નરેન્દ્રભાઈ દવેએ શુભેચ્છાપાઠવેલ છે.

# ભાયાવદર નજીક આવેલ ઢાંક ગામ વિસ્તારમાંથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ: બુટ્લેગરો ફરાર

અહેવાલ વિજય રાડીયા
ભાયાવદર

ભાયાવદર નજીક આવેલ ઢાંક ગામના વિસ્તારમાંથી પોલીસે દેશીદારૂની ભઠ્ઠી ઝડપી લીધી હતી, જો કે પોલીસ ત્રાટકવાની હોવાની બાતમી મળી જતાં આરોપીઓ નાસી છૂટ્યા હતા.



પોલીસે સ્થળ પરથી દારૂ અને સાધનો મળીને કુલ ૩.૪૫ લાખનો મુદામાલ કબજે લીધો હતો. સૂત્રોમાંથી જાણવા મળવા મુજબ કે પીઆઈ ડી.બી. મજીઠીયા તથા સ્ટાફના જવાનો ભાયાવદર પોલીસ સ્ટેશન નીચે આવતા ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ દરમ્યાન હકિકત મળી હતી કે સ્થાનિક પોલીસે જીંજુડિયા નેસમાં ત્રાટકી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી. દેશી દારૂના હાટડાં બંધ કરાવ્યા હતા અને ઢાંક ગામના ભાવિન ઉર્ફે ભાયો રબારી, મોહન ઉર્ફે દુદો બઢ, કમો રબારી, અને વિશાલ પરમાર નામના ચાર શખ્સો ભેગા મળીને જારગામની સિમ વિસ્તારમાં આવેલ જીંજુડીયા નેશ પાસે આવેલ વોકળા કાંઠે મસમોટી દેશીદારૂની ભઠ્ઠી નાખીને આજુબાજુના ગામડાઓમાં વેચાણ કરે છે

આથી ખુદ પીઆઇ ડી.બી.મજીઠીયા તથા સ્ટાફના પોલીસ જવાનો એ તે બાતમી વાળી જગ્યા ઉપર જઈને દેશીદારૂની ભઠ્ઠી પર દરોડો પાડ્યો હતો ત્યારે દરોડા દરમ્યાન પોલીસને જોઈને તમામ આરોપી નાસી છૂટ્યા હતા અને પોલીસને મુદામાલમાં દેશી દારૂ લિ. ૧૦૦૦ તથા દેશી દારૂ બનાવવાનો ગરમ આથો લિ.૫૦૦ તેમજ ઠંડો આથો લિ.૪૪૦૦ અને ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂપિયા ૩.૪૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરીને તમામ નાશી છુટેલા આરોપીઓને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી હતી.

# આજે પણ શિતલહેરો સાથે ટાઢોડું યથાવત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર કચ્છમાં આજરોજ પણ ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. અને સવારે શિતલહેરોએ લોકોને ધ્રુજાવયા હતા આજે પણ નલિયા-ભુજ-રાજકોટ- ડિસા- અને ગાંધીનગરમાં તિવ્રઠંડીનો અહેસાસ થવા પામ્યો હતો.



આજે સવારે નલિયા ખાતે ૯.૮ ડિગ્રી, રાજકોટમાં ૧૨.૧ ડિગ્રી તથા અમદાવાદમાં ૧૪.૨, અમરેલીમાં ૧૪, વડોદરામાં ૧૫.૪, ભુજમાં ૧૩.૪, ડિસામાં ૧૩.૯, દિવમાં ૧૬.૨, દ્વારકામાં ૧૭, તેમજ ગાંધીનગર ખાતે ૧૧.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.તેમજ કંડલા ખાતે ૧૬, ઓખામાં ૧૯.૬, પોરબંદરમાં ૧૪.૭ અને વેરાવળ ખાતે ૧૬.૭, ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. ગોહિલવાડ પંથકમાં ફરી ઠંડીનો ચમકારો અનુભવાયો છે. આજે ભાવનગર શહેરનું લઘુત્તમ તાપમાન ૧૬.૦ ડિગ્રી નોંધાયું હતું. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫૯% રહ્યું હતું .જ્યારે પવનની ઝડપ ૧૦ કિ.મી .પ્રતિ કલાકની રહી હતી

આ ઉપરાંત જામનગર શહેરમાં વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે હવામાનમાં ફેરફાર સર્જાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં શહેરના વાતાવરણમાં ભેજના પ્રમાણમાં સિદ્ધો ૩૬ ટકાના ઘટાડા સાથે ૫૭ ટકા પહોંચી ગયું છે. તો લઘુતમ તાપમાનમાં એક ડિગ્રી ઉંચાઈને ૧૪.૫ ડિગ્રી અને મહતમ તાપમાનમાં એક ડિગ્રી વધતાની સાથે ૨૭.૬ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે પવનની ગતિમાં ૨ કિમીના વધારા સાથે પ્રતિકલાક ૫ કિમિ રહી છે. પવનની ઝડપ વધતા આખો દિવસ ટાઢુ લોકો અનુભવે છે.

# ગીરગઢડાના ફાટસર ગામે આંબેડકર હોલ અને પેવર બ્લોકનું ખાતમુહૂર્ત કરતા ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ



મુખ્યસમાચાર ઉના અબ્દુલ પઠાણ

આજરોજ ગીરગઢડા તાલુકાના ફાટસર ગામે રૂ.૫ લાખના ખર્ચે તૈયાર થનાર નવા આંબેડકર હોલ નું અને રૂ.૨ લાખના ખર્ચે પેવર બ્લોકના કામનું* ખાતમુહૂર્ત ઉનાના સક્રિય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ ના વરદ હસ્તે કરવામા આવ્યું. આ ખાતમુહૂર્તમાં જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેનશ્રી ડાયાભાઈ જાલોન્ધરા, ગીરગઢડા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પ્રવીણભાઈ સાંખટ, જીલ્લા પંચાયત ના સદસ્યશ્રી દકુભાઈ દોમડીયા, તાલુકા પંચાયતના સદસ્યશ્રી ગણેશભાઈ વાડદોડીયા, સરપંચશ્રી કનુભાઈ જસાણી, પૂર્વ સરપંચશ્રી રામજીભાઈ પરમાર તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં ૩.૧૨ કરોડનું ફૂલેકું ફેરવીને ફરાર થયેલો બિલ્ડર રાજસ્થાનથી ઝડપાયો

**મુખ્ય સમાચાર,જૂનાગઢ**

જૂનાગઢમાં અસંખ્ય લોકોને ડુપ્લેક્ષ મકાન બનાવી આપવાની લાલચ આપી કરોડો રૂપિયાનું ફૂલેકું ફેરવીને ફરાર થયેલો એક બિલ્ડર અને તેનો સાગરિત રાજસ્થાનથી ઝડપાયા છે, એલસીબીએ તપાસ કરીને ટીમ બનાવીને બનેને ૪૦ દિવસે સકંજામાં લીધો છે.



જૂનાગઢમાં ચોબારી રોડ ઉપર આવેલ આદિત્ય એવન્યુ-૨ માં રહેતા બિલ્ડર મનીષ મોહનલાલ કારિયા ઉ.૩૯ અને તેની સાથે રહેલો સંજય ભંડારી નામનો શખ્સ અનેક લોકોને પ્લોટનું વેચાણ કરીને તેના ઉપર ડુપ્લેક્ષ મકાન બનાવી આપશે તેવી લાલચ આપીને કરોડો રૂપિયા એકત્ર કરીને બાદમાં ન તો મકાન બનાવી આપ્યું અને ન રકમ પરત કરી અને રાતોરાત ઓફિસને તાળા મારીને ફરાર થયા હતા. આ અંગે તા.૧૫ ડિસેમ્બરના રોજ બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો.

જે તે વખતે ફરિયાદ સમયે ૨૦ જેટલા લોકોના કુલ રૂ.૨.૪૩ કરોડની છેતરપીંડી કરીને નાસી ગયાની ફરિયાદ દાખલ થયેલ હતી, બાદમાં અન્ય અનેક રોકાણકારોએ પોલીસનો સંપર્ક કરતા અત્યાર સુધીમાં ૩૩ જેટલા લોકો સાથે કુલ ૩.૧૨ કરોડની ઠગાઈ થયાનું સામે આવ્યું છે, અને લોકોનો કરોડો રૂપિયા લઈને ભાગી ગયેલા બિલ્ડર મનીષ કારીયાએ ધરપકડથી બચવા માટે જૂનાગઢની કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. તે અરજી આજે કોર્ટે ના મંજુર પણ કરી દીધી છે.

તે અરસામાં બિલ્ડરને પકડવા માટે જૂનાગઢ એલસીબી અને ભવનાથ પોલીસની બે ટીમ તેનું પગેરું મેળવીને બિલ્ડર મનીષ કારિયા અને તેના સાગરિત સંજય ઉર્ફે સંજુ મકન ભંડારી ઉ.૨૬ નામના શખ્સોને રાજસ્થાનના કોટા ખાતેથી ઝડપી લીધા અને મોડી સાજે જૂનાગઢ ખાતે લાવીને બી ડિવીઝન પોલીસને સોપી દીધા હતા, હવે પોલીસ દ્વારા આવતીકાલે તેને રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરવામાં આવશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

